# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

જેઠ વદ - ૧૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૨૪ ● તારીખઃ ૧૩.૦૭.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળશે!



જૂનાગઢના ગિરનાર પર્વત પર યાત્રા દરમિયાન મુખ્ય ગેટથી માત્ર ૫૦ પગથિયાં ઉપર ચડેલા ખેડા જિલ્લાના મોદજ ગામના ૧૧ વર્ષીય મયુરસિંહ નામના બાળક પર સિંહે અચાનક પાછળથી હુમલો કરી તેને જંગલમાં ખેંચી જઈ ફાડી ખાધો હતો, જ્યાંથી ભારે શોધખોળ બાદ બાળકના માત્ર કપડાં અને શરીરના અવશેષો જ મળી આવ્યા હતા. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે વન વિભાગે સુરક્ષાના ભાગરૂપે ગિરનારની મુખ્ય સીડી પર અવરજવર બંધ કરી દીધી છે, જ્યારે વિવારે વતન મોદજ ગામમાં માસૂમ બાળકની નીકળેલી અંતિમયાત્રામાં સ્થાનિક ધારાસભ્ય સહિત આખું ગામ હિબકે ચડ્યું હતું.

# ગીરનાર સિંહ હુમલા કેસઃ મહેમદાવાદના મોદજ ગામમાં ૧૧ વર્ષના માસૂમની અંતિમયાત્રામાં ઉમટ્યું આખું ગામ

**સમય સંદેશઃ જુનાગઢ**

જૂનાગઢના ગિરનાર પર્વત પર સિંહના હુમલામાં ૧૧ વર્ષના બાળકનું મોત નીપજ્યું. રવિવારે (૧૨ જુલાઈ) મહેમદાવાદના મોદજ ગામમાં ૧૧ વર્ષના માસૂમની અંતિમયાત્રામાં આખું ગામ હિબકે ચડ્યું હતું. અંતિમયાત્રામાં ગ્રામજનો અને સ્થાનિક ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને દુઃખદ ઘટનાને લઈને શોક વ્યક્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ગત ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી પરિવાર ગિરનારની યાત્રાએ ગયો હતો. વહેલી સવારે જ્યારે પરિવાર ગિરનારના પગથિયાં ચડી રહ્યો હતો ત્યારે અચાનક પરિવારના ૧૧ વર્ષીય મયુરસિંહને સિંહ મોંમાં દબાવીને જંગલ તરફ ભાગી ગયો હતો. જેમાં ભારે શોધખોળ બાદ જંગલમાંથી બાળકના માત્ર કપડાં અને શરીરના અવશેષો જ મળી આવ્યા હતા. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે વન વિભાગ અને પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક બાળકના કૌટુંબિક કાકા અનિલકુમારસિંહ ચૌહાણના જણાવ્યાનુસાર, 'પરિવાર ગિરનારના મુખ્ય ગેટથી અંદર આશરે ૫૦ જેટલા પગથિયાં ઉપર જ પહોંચ્યો હતો. આ દરમિયાન અંધારામાંથી અચાનક એક સિંહે આવીને પાછળથી ૧૧ વર્ષના ભત્રીજા મયુરસિંહ પર તરાપ મારી હતી. સિંહ બાળકને મારા હાથમાંથી જ ખેંચીને ગણતરીની સેકન્ડોમાં જંગલ તરફ ભાગી ગયો હતો.' ચીસાચીસ અને ભારે દોડધામ બાદ જંગલમાં શોધખોળ કરતા બાળકના બૂટ, લોહીથી લથબથ કપડાં અને શરીરના કેટલાક અવશેષો જ હાથ લાગ્યા હતા. આ ઘટના બાદ સુરક્ષાના ભાગરૂપે ગિરનારની મુખ્ય સીડી પર સામાન્ય અવરજવર તદ્દન બંધ કરી દેવામાં આવી હતી.

# ખાનગી વાહનોના રજિસ્ટ્રેશન અને ફિટનેસ નિયમો બદલાયા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગાંધીનગર સ્થિત વાહન વ્યવહાર કમિશનર કચેરીએ રાજ્યના તમામ RTO/ARTO અધિકારીઓને GSR 349(E)ના અમલીકરણ અંગે મહત્વપૂર્ણ પરિપત્ર જારી કર્યો છે. આ મુજબ, ખાનગી વાહનોના રજિસ્ટ્રેશન રિન્યૂઅલ માટે નિર્ધારિત ફી લેવાશે. જોકે, પ્રથમ ફિટનેસ પરીક્ષણમાં વિલંબ માટે રૂ. ૫૦ દૈનિક લેટ ફી લાગુ પડશે નહીં, પરંતુ ભવિષ્યના રિન્યૂઅલમાં વિલંબ થશે તો દંડ વસૂલાશે.


વાહન વ્યવહાર કમિશનર કચેરી ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ સહાયક અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓ (RTO/ARTO)ને GSR 349(E)ના અમલીકરણ અંગે મહત્વનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવાયુ છે કે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (Ministry of Road Transport and Highways) દ્વારા ૮ મે, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા GSR 349(E) નોટિફિકેશનના અમલ માટે એનઆઈસી (NIC) દ્વારા જરૂરી ટેકનિકલ સુધારા પૂર્ણ ન થાય ત્યાં સુધી, નોટિફિકેશનમાં દર્શાવેલી જોગવાઈ મુજબ કામગીરી સુનિશ્ચિત કરવાની સૂચના અગાઉ આપવામાં આવી હતી. આ દરમિયાન મહેસાણા આરટીઓ દ્વારા કેટલાક મુદ્દાઓ પર માર્ગદર્શન માંગવામાં આવતા વાહન વ્યવહાર કમિશનર કચેરીએ વધુ સ્પષ્ટતા કરી છે. પરિપત્ર મુજબ નોન-

અનુ પાના નં.૨ પર

# ઈરાન પર અમેરિકાનો પ્રહારઃ 'તેહરાને ખોટી પસંદગી કરી, હવે કિંમત ચૂકવવી પડશે..' રક્ષામંત્રીની સ્પષ્ટ ચેતવણી

## હોરમૂઝની ખાડીમાં વ્યાપારી જહાજો પર હુમલા બાદ અમેરિકાનું આક્રમક વલણઃ ૧૪૦થી વધુ ઈરાની લક્ષ્યોને નિશાન બનાવી સૈન્ય કાર્યવાહી તેજ

**સમય સંદેશઃ ડેસ્ક**



મધ્ય પૂર્વમાં વણસી રહેલી પરિસ્થિતિ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. તાજેતરમાં હોરમૂઝની ખાડીમાંથી પસાર થતા વ્યાપારી જહાજો પર થયેલા હુમલાના જવાબમાં અમેરિકાએ ઈરાન પર ભીષણ વળતો પ્રહાર કર્યો છે. આ કાર્યવાહી બાદ અમેરિકાના રક્ષામંત્રી પીટ હેગસેથે ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ''ઈરાને અત્યંત ખોટી પસંદગી કરી છે અને હવે તેણે તેની કિંમત ચૂકવવી પડશે.'' અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ સૈન્ય કાર્યવાહીમાં ઈરાનના લગભગ ૧૪૦થી વધુ લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં

અનુ પાના નં.૨ પર

# અમદાવાદમાં મેગા વૃક્ષારોપણ અભિયાન સંપન્નઃ આજે ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગરમાં ઈન્ટરપોલ મીટિંગનું ઉદઘાટન કરશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં ગઈકાલે રવિવારે અમદાવાદના સરખેજ વિસ્તારમાં 'મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ' હેઠળ મેગા પ્લાન્ટેશન ડ્રાઇવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ગુજરાતના સંકલ્પ સાથે સાયન્સ સિટી સહિતના વિસ્તારોમાં આયોજિત આ સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ



Photo:Social Media

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ૧ કરોડ વૃક્ષો વાવવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક જાહેર કર્યો હતો. આ પ્રસંગે અમદાવાદના મેયર હિતેશ બારોટે ગૃહમંત્રીનું સ્વાગત કર્યું હતું અને શહેરમાં રૂ. ૪૦૫ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સોમવારે, ૧૩ જુલાઈના રોજ ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી ખાતે ૧૧મી ઈન્ટરપોલ ડિજિટલ

અનુ પાના નં.૨ પર

# મુંબઈની વિશ્વવિખ્યાત તાજ હોટેલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ હરકતમાં

## અજાણ્યા શખ્સે ફોન કરી હોટેલ પરિસરમાં વિસ્ફોટક હોવાનો દાવો કરતા મહારાષ્ટ્રમાં ભારે ખળભળાટ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ

**સમય સંદેશઃ મુંબઈ**

આર્થિક રાજધાની મુંબઈની શાન સમાન અને વિશ્વપ્રસિદ્ધ 'તાજ હોટેલ'ને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર મહારાષ્ટ્રના પોલીસ તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ફોન કોલે મુંબઈ પોલીસની સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર ઉભો કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક અજાણ્યા શખ્સે ફોન કરીને તાજ હોટેલમાં બોમ્બ મુકાયો હોવાની માહિતી આપી હતી. આ ગંભીર



ધમકી મળતાની સાથે જ મુંબઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ તત્કાલ 'હાઈ એલર્ટ' મોડ પર આવી ગઈ હતી. કોઈપણ પ્રકારનું જોખમ લેવાને બદલે તાત્કાલિક અસરથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમોને હોટેલ પરિસરમાં મોકલી દેવામાં આવી હતી.

સુરક્ષા જવાનો દ્વારા હોટેલના ખૂણે-ખૂણે સઘન તપાસ કરવામાં આવી રહી છે. સાવચેતીના ભાગરૂપે હોટેલની આસપાસ સુરક્ષાનું અભેદ્ય કવચ તૈયાર કરી દેવાયું છે અને

અનુ પાના નં.૨ પર

# નવા મતદારોની નોંધણીના નિયમોમાં મોટો ફેરફારઃ ફોર્મ-૬માં માતા-પિતા કે દાદા-દાદીના નામની વિગતો આપવી પડશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના ઘણા રાજ્યોમાં SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે નવા મતદારોની નોંધણી માટે ચૂંટણી પંચ દ્વારા ઓનલાઇન ફોર્મ-૬ માં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી નવા મતદારોએ વોટર લિસ્ટમાં નામ ઉમેરાવતી વખતે એ સ્પષ્ટ કરવું પડશે કે પાછલા SIR દરમિયાન તેમના માતા-પિતા કે દાદા-દાદીનું નામ યાદીમાં હતું કે નહીં.

આ માટે ઓનલાઇન ફોર્મમાં ખાસ 'J' અને 'K' સેક્શન ઉમેરીને ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે, જેમાં અગાઉની યાદીમાં





નામ હોવાની સ્થિતિમાં ચૂંટણી કાર્ડ અને સિરિયલ નંબર જેવી વિગતો પણ માંગવામાં આવશે. હાલમાં આ સુવિધા માત્ર એવા રાજ્યોના ઓનલાઇન પોર્ટલ પર જ ઉપલબ્ધ છે જ્યાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન SIR પ્રક્રિયા કરવામાં આવી છે.

આ નવા નિયમને કારણે એવા પરિવારો સામે મોટી મુશ્કેલી ઊભી થઈ શકે છે જેમના નામ કોઈ કારણોસર યાદીમાંથી ગાયબ થઈ ગયા છે. દેશના ૧૦ રાજ્યોમાં હાથ ધરાયેલી આ પ્રક્રિયા બાદ અંદાજે ૫.૫૮ કરોડ લોકોના નામ વોટર લિસ્ટમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જેમાં એકલા પશ્ચિમ બંગાળમાં જ ૨૭ લાખ લોકોના નામ કપાતા મોટો વિવાદ થયો હતો. ચૂંટણી પંચે હજુ સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે જો કોઈ અરજદારના માતા-પિતા કે દાદા-દાદીનું નામ યાદીમાં ન હોય, તો તેમના બાળકોને નવી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવશે કે નહીં, જેને પગલે કરોડો મતદારો સામે નવો પડકાર ઊભો થયો છે. કાયદાકીય દ્રષ્ટિએ ચૂંટણી પંચ પાસે પોતાની મરજીથી ફોર્મ-૬ માં ફેરફાર કરવાનો સીધો અધિકાર નથી. 'રિપ્રઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ ૧૯૫૦' ની

અનુ પાના નં.૨ પર

# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતનું જામનગર એરપોર્ટ ખાતે આગમન-મહાનુભાવો દ્વારા ઉષ્માભેર સ્વાગત



તસવીરઃ હિરેન ગાંધી

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત બે દિવસ જામનગર જિલ્લાની મુલાકાતે પધાર્યા છે ત્યારે મહાનુભાવો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત બાદ તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને જામનગર તથા ધ્રોલ તાલુકાના લતીપુર ગામે વિવિધ કાર્યક્રમો યોજાશે, જેમાં પ્રાકૃતિક કૃષિ સ્ટોલનું લોકાર્પણ, વૃક્ષારોપણ, સફાઈ અભિયાન, ખાટલા પરિષદ, યોગાસન, પ્રાકૃતિક ફાર્મની મુલાકાત, કૃષિ સંવાદ સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. રાજ્યપાલશ્રીના સ્વાગતમાં રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી રીવાબા જાડેજા, મેયરશ્રી મોનિકા વ્યાસ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રંજનબેન જીવાણી, ધારાસભ્યો સર્વશ્રી મેઘજીભાઈ ચાવડા અને શ્રી દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડ્યા, જામનગર મ્યુનિસિપલ કમિશનરશ્રી દીપેશ કેડિયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા પોલીસ વડાશ્રી ડો.રવિ મોહન સૈની, અગ્રણીશ્રી બીનાબેન કોઠારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


## તંત્રી સ્થાનેથી..

### આતંકવાદના ઉલ્લેખો !

સામ્યવાદી ક્રાંતિના પ્રણેતા વ્લાદિમીર લેનિનને ઘણી વખત યાદ કરવામાં આવે છે. સોવિયેત સરમુખત્યાર જોસેફ સ્ટાલિને પણ શિક્ષણને એવું શસ્ત્ર ગણાવ્યું હતું, જેની અસર તેના પર નિર્ભર રહે છે કે તે કોણ ચલાવે છે અને કોને નિશાન બનાવે છે. આ બંને નિવેદનો માત્ર રાજકીય સૂત્રો નહોતાં; તેઓ શિક્ષણની અસાધારણ શક્તિનું સ્વીકારપત્ર હતા. જે સમાજની આવતી પેઢીના મન પર કબજો કરે છે, તે ભવિષ્ય પર કબજો કરે છે. આ જ કારણ છે કે વિશ્વના લગભગ દરેક વિચારધારાત્મક સંઘર્ષમાં યુદ્ધના મેદાન પહેલાં શિક્ષણના મેદાન પર કબજો જમાવવાનો પ્રયાસ થયો છે. ક્યાંક પાઠ્યપુસ્તકો બદલાયા છે, ક્યાંક ઈતિહાસને નવા અર્થ આપવામાં આવ્યા છે, તો ક્યાંક નાયકો અને ખલનાયકોની વ્યાખ્યાઓ બદલી નાખવામાં આવી છે. કોઈ પણ રાષ્ટ્ર માટે આ સૌથી ખતરનાક પરિસ્થિતિ ત્યારે બને છે, જ્યારે તેની પોતાની જ શિક્ષણવ્યવસ્થા ધીમે ધીમે એવા વિચારોનું વહન કરવા લાગે જે તેની એકતા, અખંડિતતા અને બંધારણીય મૂલ્યોને નબળા પાડે. જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં સામે આવેલો પુસ્તક વિવાદ આ જ ચિંતાનો વિષય છે. કેન્દ્ર સરકારની સમગ્ર શિક્ષા યોજના હેઠળ સરકારી શાળાઓના પુસ્તકાલયોમાં પહોંચાડવામાં આવેલા બે પુસ્તકોમાં એવી સામગ્રી મળી આવી હોવાનું સામે આવ્યું છે, જે અલગતાવાદી વિચારધારાને પ્રોત્સાહન આપે છે, આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કેટલાક લોકોને મહિમાવાન બનાવે છે અને ભારતના જમ્મુ-કાશ્મીર પરના સાર્વભૌમ અધિકારને પ્રશ્નાર્થમાં મૂકે છે. આ ઘટના માત્ર એક પુસ્તકની ભૂલ નથી; તે સમગ્ર પસંદગી પ્રણાલી, દેખરેખની વ્યવસ્થા અને શૈક્ષણિક જવાબદારી સામે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. વિવાદના કેન્દ્રમાં 'પર્સનાલિટીઝ એન્ડ લેજેન્ડ્સ ઓફ જે એન્ડ કાશ્મીર' અને 'ગ્રેટ પર્સનાલિટીઝ ઓફ જમ્મુ એન્ડ કાશ્મીર' નામના બે પુસ્તકો છે. આ પુસ્તકોમાં આતંકવાદી મકબુલ ભટ, અલગતાવાદી સૈયદ અલી શાહ ગિલાની, શબીર અહમદ શાહ, મસરત આલમ, મીરવાઈઝ ઉમર ફારુક અને મૌલવી ફારુક જેવા વિવાદાસ્પદ વ્યક્તિઓને જમ્મુ-કાશ્મીરના મહાન વ્યક્તિત્વ તરીકે રજૂ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. કેટલાક સ્થળે મકબુલ ભટને 'મહાન ક્રાંતિકારી' તરીકે વર્ણવવામાં આવ્યો છે, જ્યારે ભારતને 'કબજેદાર' રાજ્ય તરીકે દર્શાવવાનો પ્રયાસ પણ જોવા મળે છે. કેટલાક અહેવાલો મુજબ હાફિઝ સઈદ જેવા આંતરરાષ્ટ્રીય આતંકવાદી અંગે પણ પ્રશંસાત્મક ઉલ્લેખો છે.



## હાલારના હાલહવાલ



# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે જામનગરના એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરાયું



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જામનગરમાં સરદાર પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે તૈયાર કરવામાં આવેલ પ્રાકૃતિક ખેડૂત હાટનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે તેમણે જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. અને જામનગર જિલ્લાની પ્રાકૃતિક કૃષિ અંગેની માહિતી મેળવી હતી.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની રસાયણમુક્ત પેદાશોના સીધા વેચાણ માટે સ્થાયી બજાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ કૃષિ વેચાણ કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો છે. આ કેન્દ્ર દ્વારા જામનગરના વિવિધ તાલુકાઓના પ્રાકૃતિક કૃષિ કરતા ૧૮ જેટલા ખેડૂતોને તેમના શાકભાજી, ફળો, અનાજ, કઠોળ, મસાલા, તેલ, ગોળ અને અન્ય પ્રાકૃતિક ઉત્પાદન આધારિત પ્રોડક્ટ્સનું સીધું વેચાણ કરવાની તક મળશે. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રીશ્રી રિવાબા જાડેજા, મેયરશ્રી મોનિકા વ્યાસ, ધારાસભ્યશ્રી દિવ્યેશ અકબરી, ડેપ્યુટી મેયરશ્રી રાકેશ ડેર, કલેક્ટરશ્રી પી.બી.પંડ્યા, જામનગર મહાનગર પાલિકાના કમિશ્નરશ્રી દીપેશ કેડિયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, જિલ્લા પોલીસ વડાશ્રી ડો.રવિ મોહન સૈની, આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટરશ્રી કે.એસ.ઠક્કર, અધિકારીશ્રીઓ તથા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# એકજ વિકાસ કાર્ય માટે બે અલગ અલગ ખાતમુહૂર્ત ચર્ચાઓનો દૌર

## કલ્યાણપુર ગામના મહત્વપૂર્ણ માર્ગના નિર્માણ માટે કથિત શ્રેયની રાજનીતિ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

જામ કલ્યાણપુર ગામમાં લાંબા સમયથી પ્રજાની માંગ રહેલા બે મહત્વપૂર્ણ ડામર માર્ગોના નિર્માણ કાર્યને લઈ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. મામલતદાર કચેરીથી બસ સ્ટેન્ડ તથા ગામના મુખ્ય પ્રવેશદ્વાર (ગેટ)થી બસ સ્ટેન્ડ સુધીના માર્ગોના કામ માટે એક જ પ્રોજેક્ટના બે અલગ અલગ પ્રસંગે ખાતમુહૂર્ત યોજાતા સમગ્ર વિસ્તારમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

જાણવા મળતી વિગતો મુજબ, વર્ષોથી બંને માર્ગો અત્યંત ખરાબ હાલતમાં હોવાથી સ્થાનિક લોકો, વેપારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ પ્રશ્નના નિરાકરણ માટે ગામના સરપંચ વિક્રમભાઈ બેલાએ અનેક વખત સંબંધિત વિભાગો અને સરકાર સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી.

સતત અનુસરણ અને પ્રયાસોના પરિણામે સરકાર દ્વારા બંને માર્ગોના નવીનીકરણના કામને અંતે મંજૂરી આપવામાં



આવી હતી. મંજૂરી મળ્યા બાદ રસ્તાના નિર્માણ કાર્યનો પ્રારંભ દર્શાવવા પ્રથમ ખાતમુહૂર્ત તાલુકા પંચાયત ના કારોબારી ચેરમેનના પતિ તથા કોંગ્રેસના અગ્રણી વિનોદભાઈ કરમુરના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, આ કામ માટે સતત પ્રયત્નશીલ રહેલા સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધારી જૂથ દ્વારા પણ અલગ કાર્યક્રમ યોજી એ જ રસ્તાઓનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ વિક્રમભાઈ બેલા, ગ્રામ પંચાયતના સભ્યો ગોવાભાઈ, સાગર ગોંડલિયા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. એક જ વિકાસલક્ષી કામ માટે બે વખત ખાતમુહૂર્ત યોજાતા સ્થાનિક રાજકીય માહોલમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ છે. વિકાસ કાર્યનો શ્રેય કોને મળે તે મુદ્દે રાજકીય વર્તુળોમાં મતભેદો જોવા મળી રહ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ બાબતે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

**Change of name**

I HAJI DAWOOD MAMAD DALU DO HEREBY CHANGE MY NAME FROM HAJI DAUD MAMAD TO HAJI DAWOOD MAMAD DALU HENCE NOW ONWARDS I WILL BE KNOWN AS HAJI DAWOOD MAMAD DALU.
**Address:- OUTSIDE KALAVAD GATE, NATIONAL PARK, JAMNAGAR**

**Change of name**

I SHABANA HAJI DAWOOD DALU DO HEREBY CHANGE MY NAME FROM SABANA HAJI DAUD TO SHABANA HAJI DAWOOD DALU HENCE NOW ONWARDS I WILL BE KNOWN AS SHABANA HAJI DAWOOD DALU.
**Address:- OUTSIDE KALAVAD GATE, NATIONAL PARK, JAMNAGAR**

**Change of name**

This is to be state and declare that I had done correction in my name from Dilip Popatbhai Makwana to Dilipbhai Makwana all to be known & note.
**Add: Nr. Flour Mill, Jyoti soc Nr.Housing Build, Hapa-Jamnagar-361120**

# મધ્યપ્રદેશથી ઘરફોડ ચોરીના બે ફરાર આરોપીઓને ઝડપી પાડતી રાજકોટ રેન્જ ટીમ: જામનગર પોલીસને સોંપાયા



**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય (ઈડ્જ) દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગુન્હાઓ આચરીને નાસતા-ફરતા ગુનેગારોને પકડી પાડવા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ આદેશ અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સર્વશ્રી પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ એનાલિસિસની મદદથી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન મળેલી ચોક્કસ હકીકતના આધારે રેન્જ સ્ટાફના પો.સ.ઈ. શ્રી પી.એ.ચૌહાણ, સંદિપસિંહ ઝાલા, કાસમભાઇ બ્લોચ અને ડ્રાઇવર ધર્મેન્દ્રસિંહ જાડેજાની ટીમે ઓપરેશન પાર પાડીને જામનગર જિલ્લાના પંચકોષી એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા બે રીઢા આરોપીઓને મધ્યપ્રદેશ ખાતેથી દબોચી લીધા છે. પોલીસ ટીમે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ગંધવાની પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આરોપી (૧) અજય સુરપાલ અજનાર (રહે. ગામ-સાતઉમરી, તા.ગંધવાની, જિ.ધાર, મધ્યપ્રદેશ) અને (૨) વિજય બચકાભાઇ વાસ્કેલ (રહે. ગામ-મોહનપુર, તા.ગંધવાની, જિ.ધાર, મધ્યપ્રદેશ) નાઓને હસ્તગત કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આ બંને આરોપીઓ જામનગરના પંચકોષી એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઇગજ કલમ-૩૩૧(૪) અને ૩૦૫(એ) મુજબ નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુન્હા (ગુ.ર.નં.૦૭૮૭/૨૦૨૫) માં લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યા હતા. રાજકોટ રેન્જની ટીમે બંને આરોપીઓનો કબ્જો મેળવીને આગળની કાયદેસરની ઘટીત કાર્યવાહી કરવા માટે જામનગરના પંચકોષી એ.ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપી આપ્યા છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**

## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

પાયાના સંકેતો શોધવામાં મોટી સફળતા મળી શકે છે. આશરે ૧.૫ બિલિયન ડોલરનો ખર્ચ અને સળંગ ચાર વર્ષ સુધી મશીનરીનો આખોય પ્લાન્ટ બંધ રાખવો એ વૈશ્વિક સ્તરે બહુ મોટા આર્થિક અને માનવીય રોકાણની માંગ કરે છે. વળી, આના પરિણામો કંઈ તાત્કાલિક સ્પોટ પર મળવાના નથી. તેને સ્પષ્ટ થતાં વર્ષોના વર્ષો નીકળી જશે. તેમ છતાં, સમગ્ર વૈશ્વિક વૈજ્ઞાનિક સમુદાયનું મક્કમપણે માનવું છે કે 'બ્રહ્માંડના મૂળભૂત જ્ઞાનની ખોજ પાછળ કરવામાં આવેલાં આ ભગીરથ રોકાણ આપણી આવનારી ભવિષ્યની પેઢીઓ માટે અનમોલ અને અમૂલ્ય સાબિત થશે.'

હવે સવાલ એ થાય છે કે, શું માનવજાત પોતાની બુદ્ધિના બળે ખરેખર ડાર્ક મેટર અને ડાર્ક એનર્જીના અભેદ રહસ્યોને ઉકેલી શકશે? શું આ અબજો ડોલરનું રોકાણ ભવિષ્યની ટેકનોલોજીમાં ફરી એકવાર એવી જ સુનામી લાવશે જેવી વર્ષો પહેલાં સર્નના વર્લ્ડ વાઇડ વેબે લાવી હતી? અને સૌથી રોમાંચક બાબત તો એ છે કે 'જ્યારે વર્ષ ૨૦૩૦માં આ મહાકાય ટનલની અંદર પ્રોટોનની પ્રથમ પ્રચંડ અથડામણો સર્જાશે, ત્યારે આપણું આ રહસ્યમય બ્રહ્માંડ માનવજાત સામે કયું નવું અકલ્પનીય રહસ્ય ઉજાગર કરશે?'

### રાજ્યપાલશ્રીની અધ્યક્ષતા

(પાના નં. ૪ થી આગળ)

નિર્માણ કરે છે. આ વૈદિક જ્ઞાનને જનઆંદોલન બનાવીને વધુમાં વધુ પરિવારો સુધી પહોંચાડવા તેમણે તાલીમબદ્ધ વૈદ્યોને આહવાન કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષણ રાજ્યમંત્રીશ્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં પણ આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓને નવી પેઢી સુધી પહોંચાડવી એ સમયની માંગ છે. આયુર્વેદ, યોગ અને ગર્ભ સંસ્કાર જેવી આપણી પરંપરાગત પદ્ધતિઓ આજે વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત થઈને વૈશ્વિક સ્તરે સ્વીકાર્ય બની રહી છે. ભગવાન ધન્વંતરીની પાવન ભૂમિ જામનગરમાં આકાર લઈ રહેલું વિશ્વ આરોગ્ય સંસ્થાનું 'ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટર' ભારતની ચિકિત્સા પદ્ધતિને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ઊંચાઈએ લઈ જશે.

આ ગરિમાપૂર્ણ અવસરે જામનગરના મેયરશ્રી મોનિકા વ્યાસ, ઈઝછઅ ના નિયામક પ્રોફેસર તનુજા નેસારી, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિશ્રી ટી.એસ. જોષી, ગૌ વિશ્વ વિદ્યાપીઠના કુલપતિ ડો. હિતેશ જાની, આયુર્વેદ વ્યાસપીઠના રાષ્ટ્રીય અધ્યક્ષ વૈદ્ય મલ્હાર જોશી તેમજ આયુર્વેદ યુનિવર્સિટીના વૈદ્યરાજ અને આમંત્રિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગર્ભવિહારનું લોકાર્પણ

(પાના નં. ૪ થી આગળ)

શિક્ષણમંત્રીશ્રી રીવાબા જાડેજા, જિલ્લા કલેક્ટરશ્રી પી.બી.પંડ્યા, જામનગર મહાનગર પાલિકાના કમિશનરશ્રી દીપેશ કેડિયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, ગૌ વિશ્ર વિદ્યાપીઠના કુલપતિ ડો.હિતેશ જાની, આયુર્વેદ વિભાગના વૈદ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### શ્વાન તૂટી પડયો

(પાના નં. ૩ થી આગળ)

સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ખંભાળિયા સિવિલ હોસ્પિટલમાં રિફર કરી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા પાંચ મહિનામાં ખરાવડ વિસ્તારમાં રખડતા શ્વાનના હુમલાની આ બીજી ગંભીર ઘટના હોવાનું સામે આવ્યું છે. સતત વધી રહેલા શ્વાનના આતંકને કારણે સ્થાનિક રહીશોમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે. સ્થાનિક લોકોએ તંત્રને રખડતા શ્વાનોના પ્રશ્ને તાત્કાલિક અસરકારક કાર્યવાહી કરવા તેમજ આવી દુર્ઘટનાઓ ફરી ન બને તે માટે કડક પગલાં ભરવાની માંગણી કરી છે.

### ખાનગી વાહનો

(પાના નં. ૧ થી આગળ)

ટ્રાન્સપોર્ટ (ખાનગી) વાહનોના રિન્યૂઅલ ઓફ રજિસ્ટ્રેશન માટેની અરજીઓમાં કેન્દ્રીય મોટર વાહન નિયમો મુજબ નિર્ધારિત ફી વસૂલવાની રહેશે. પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, GSR 349(E) હેઠળ પ્રથમ વખત નોન-ટ્રાન્સપોર્ટ વાહનો માટે ફિટનેસ પ્રમાણપત્રની જોગવાઈ કરવામાં આવી છે. તેથી હાલમાં જ્યારે આવા વાહનોનું પ્રથમ વખત ફિટનેસ પરીક્ષણ કરાવવામાં આવશે, ત્યારે તેમાં વિલંબ થવા છતાં રૂ. ૫૦ પ્રતિ દિવસની વધારાની લેટ ફી વસૂલવામાં આવશે નહીં.

જોકે, એક વખત પ્રથમ ફિટનેસ પૂર્ણ થયા બાદ ભવિષ્યમાં રીન્યૂઅલ ઓફ ફિટનેસ કરાવવાનું થશે, અને તેમાં વિલંબ થશે તો, રૂ. ૫૦ પ્રતિ દિવસનો વધારાનો લેટ ફી દંડ લાગુ પડશે. વાહન વ્યવહાર કમિશનર કચેરીએ રાજ્યની તમામ છઝઘ અને અછઝઘ કચેરીઓને આ માર્ગદર્શિકા મુજબ કામગીરી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.

### આજે ગૃહમંત્રી

(પાના નં. ૧ થી આગળ)

ફોરેન્સિક એક્સપર્ટ ગ્રૂપ મીટિંગનું ભવ્ય ઉદઘાટન કરશે. આ પ્રતિષ્ઠિત વૈશ્વિક સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગત્રઝ્રઅના કુલપતિ ડો. જે.એમ. વ્યાસ તેમજ વિશ્વના ૪૭ દેશોના કાયદા અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહેશે. વર્ષ ૨૦૨૨ પછી બીજી વખત આ આંતરરાષ્ટ્રીય ફોરમનું આયોજન કરીને ગત્રઝ્રઅ વૈજ્ઞાનિક ગુનાહિત તપાસના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ભારતનું નેતૃત્વ મજબૂત કરી રહ્યું છે.

આ આયોજન અંતર્ગત આજે NFSU ખાતે એશિયાની પ્રથમ અત્યાધુનિક 'સાયબર ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન વાન' (મોબાઇલ ફોરેન્સિક લેબોરેટરી) અને ત્રણ વિશેષ સેન્ટર ઓફ એક્સેલન્સ (નાણાકીય ગુના તપાસ, મીડિયા ફોરેન્સિક્સ અને ક્રાઇમ સીન મેનેજમેન્ટ) નું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત, ગુગલ (અમેરિકા) અને સેલિબ્રાઇટ (ઇઝરાયેલ) જેવી વિશ્વની ૩૦થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓના ડિજિટલ ફોરેન્સિક પ્રદર્શનની શરૂઆત થશે.

NFSU ગાંધીનગરના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. (ડો.) એસ.ઓ. જુનારેના જણાવ્યા અનુસાર, આગામી ૧૫ જુલાઈએ ઇન્ટરપોલના સહયોગથી અહીં પ્રથમ આંતરરાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા (Investigation Competition) અને શિખર સંમેલન પણ યોજાશે, જે વિશ્વભરના નિષ્ણાતોને ગુનાહિત તપાસમાં નવીનતા માટે એક મજબૂત વૈશ્વિક મંચ પૂરું પાડશે.

### ઈરાન પર અમેરિકા

(પાના નં. ૧ થી આગળ)

ઈરાનના મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ, દારૂગોળાના ભંડારો, સંચાર સાધનો અને અન્ય વ્યૂહાત્મક સ્થળોનો સમાવેશ થાય છે. અમેરિકી રક્ષામંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યવાહી ઈરાનની તે ક્ષમતાઓને નબળી પાડવા માટે કરવામાં આવી છે, જેના દ્વારા તે નાગરિક નૌકાદળ અને વેપારી જહાજોને ધમકાવી રહ્યું હતું.

બીજી તરફ, ઈરાને આ હુમલાને આકરા શબ્દોમાં વખોડી કાઢ્યો છે. ઈરાની સંસદના સ્પીકર અને મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાગેર કાલિબાફે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, ''એકતરફી કરારોનો યુગ હવે પૂરો થઈ ગયો છે. અમે અગાઉ પણ ચેતવણી આપી હતી કે કાં તો તમે તમારી વાત પર કાયમ રહો અથવા કિંમત ચૂકવવા તૈયાર રહો. વાસ્તવિકતા હવે સામે આવી રહી છે.''

ઉલ્લેખનીય છે કે, જૂન મહિનામાં બંને દેશો વચ્ચે એક અંતરિમ યુદ્ધવિરામ સમજૂતી કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષનો કાયમી અંત લાવવાનો હતો. જોકે, વ્યાપારી જહાજો પરના તાજેતરના હુમલાને પગલે આ સમજૂતી પણ જોખમમાં મુકાઈ છે. અમેરિકાએ આરોપ લગાવ્યો છે કે ઈરાને સમજૂતીનો ભંગ કરીને વેપારી જહાજોને નિશાન બનાવ્યા છે, જે કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

આ સૈન્ય કાર્યવાહી બાદ ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા હુમલાઓમાં પણ પ્રાદેશિક રાષ્ટ્રોને નિશાન બનાવવામાં આવ્યા છે, જ્યાં અમેરિકી સૈન્ય તૈનાત છે. બંને દેશો વચ્ચેની આ નવી અથડામણે વૈશ્વિક સ્તરે સુરક્ષા અને ઊર્જા પુરવઠા સાંકળ પર ગંભીર અસરની આશંકાઓ જગાવી છે.

### નવા મતદારોની નોંધણી

(પાના નં. ૧ થી આગળ)

કલમ ૨૮ હેઠળ નિયમોમાં સંશોધન કરવાનો અધિકાર માત્ર કેન્દ્ર સરકાર પાસે જ છે અને આવા કોઈ પણ ફેરફાર માટે કાયદા મંત્રાલય દ્વારા સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવું અનિવાર્ય છે. બંધારણની કલમ ૩૨૬ અનુસાર દેશના દરેક વયસ્ક નાગરિકને મતદાર યાદીમાં નામ નોંધાવવાનો મૂળભૂત અધિકાર મળેલો છે, જેથી ચૂંટણી પંચના આ નવા ઓનલાઇન ફેરફાર અંગે આગામી સમયમાં મોટી કાયદાકીય સ્પષ્ટતા થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

### તાજ હોટેલને બોમ્બથી

(પાના નં. ૧ થી આગળ)

આવતા-જતા શંકાસ્પદ લોકો પર બાજ નજર રાખવામાં આવી રહી છે. હાલમાં મળેલી માહિતી મુજબ, પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યું નથી, પરંતુ સુરક્ષા વ્યવસ્થામાં કોઈ કચાશ રાખવામાં આવી નથી. બીજી તરફ, આ ધમકીભર્યો કોલ કરનાર શખ્સને પકડવા માટે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને સાયબર ક્રાઈમની ટીમોની મદદ લીધી છે. કોલ કરનારનું લોકેશન અને તેની ઓળખ મેળવવા માટે પોલીસ સઘન કવાયત કરી રહી છે. આ પ્રકારના ફેક કોલ દ્વારા શહેરમાં દહેશત ફેલાવનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની મુંબઈ પોલીસે ખાતરી આપી છે.

## STOP PRESS

**તમિલનાડુની રાજનીતિમાં ભૂકંપના એંધાણઃ એઆઈએડીએમકેના ૧૦ ધારાસભ્યોએ ટીવીકેમાં જોડાવા આંગળી ઊંચી કરી, ૧૫ ઓગસ્ટ પહેલાં રાજીનામાની તૈયારી**

# જામનગરના પ્રવાસન સ્થળોએ સહેલાણીઓનો મેળાવડોઃ તંત્રને ૧.૫૧ કરોડની આવક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરનું હૃદય ગણાતું અને રાજાશાહી સમયની ઐતિહાસિક વિરાસત સમું રણમલ તળાવ (લાખોટા લેક) પ્રવાસીઓ માટે સમગ્ર સૌરાષ્ટ્રનું અગ્રણી આકર્ષણ કેન્દ્ર બન્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અહીં રેકોર્ડબ્રેક ૧૩,૨૪,૦૬૯ થી વધુ સ્થાનિક અને બહારગામના સહેલાણીઓ નોંધાયા છે, જેના કારણે તળાવની કુલ આવક રૂ. ૧,૫૧,૫૧,૧૬૦ પર પહોંચી ગઈ છે. આ કમાણીમાં મુખ્ય હિસ્સો એન્ટ્રી ગેટની ટિકિટ બારીનો (રૂ. ૧.૩૨ કરોડથી વધુ) રહ્યો છે, જ્યારે મ્યુઝિકલ ફાઉન્ટેન, બોટિંગ, આહલાદક રોશની અને મોર્નિંગ-ઈવનિંગ વોકર્સના પાસ ફીની આવકે પણ મોટો ફાળો આપ્યો છે. શહેરીજનો માટે કુદરતી વાતાવરણમાં સમય વિતાવવા અને વિકેન્ડની મજા માણવા માટે 'જામ રણજીતસિંહજી પાર્ક' શ્રેષ્ઠ સ્થળ







સાબિત થયું છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આ પાર્કની મુલાકાતે ૧,૬૬,૫૮૦ પ્રવાસીઓ આવ્યા હતા, જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનને નોંધપાત્ર આવક થઈ છે. આ કુલ આવકમાંથી એન્ટ્રી ગેટ દ્વારા રૂ. ૧૬.૬૫ લાખ અને વિવિધ સામાજિક-સાંસ્કૃતિક કાર્યક્રમો માટે બુક થતા પાર્ટી પ્લોટમાંથી રૂ. ૩.૧૫ લાખની કમાણી થઈ છે. અહીંનો વિશાળ વોકિંગ ટ્રેક, બાળકોના રમતગમતના સાધનો અને હરિયાળી નાગરિકોને માનસિક શાંતિ પૂરી પાડે છે.

જામનગરના પ્રવાસન વૈભવમાં વધુ એક છોગું ઉમેરાવા જઈ રહ્યું છે, કારણ કે રણમલ તળાવ (ભાગ-૨/૩) નો પુનરૂત્થાન પ્રોજેક્ટ હાલ યુદ્ધના ધોરણે કાર્યરત છે. તળાવના કાયાકલ્પની આ કામગીરી ચાલુ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. આ પ્રોજેક્ટ પૂરો થતાં જ જામનગરના નાગરિકો અને બહારથી આવતા સહેલાણીઓ માટે સાયકલ ટ્રેક, પક્ષી અર્થઘટન કેન્દ્ર (બર્ડ ઈન્ટરપ્રિટેશન સેન્ટર), વોચ ટાવર તેમજ આકર્ષક હર્બલ, એરોમેટિક અને બટરફ્લાય ગાર્ડન જેવી આધુનિક અને વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

# મિત્રએ પત્નીને ઘરમાં બેસાડ્યાના મુદ્દે થયેલ હત્યા કેસના આરોપીની જામીન અરજી રદ્દ


**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગત વર્ષે શંકર ટેકરી રોડ ઉપર સવારે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં જીતેન્દ્ર ચાવડા નામના યુવકની ધમધમતા ટ્રાફીક વચ્ચે હત્યાનો બનાવ બન્યો હતો. જેમાં આરોપી તરીકે દીલીપ રમેશભાઈ ચૌહાણ અને મૃતકને પકડી રાખવા અંગે તેના મિત્રની ધરપકડ થઈ હતી. હત્યાના બનાવના કારણમાં આરોપી દીલીપ ચૌહાણની પત્ની સોનલબેનને જીતેન્દ્રએ ઘરમાં બેસાડી હોવાનું મનદુઃખ હોવાનું સામે આવ્યું હતું.

દરમિયાન આ કેસના આરોપી દીલીપ રમેશભાઈ ચૌહાણએ સેસન્સ અદાલતમાં જામીન અરજી મુકી હતી. જે સામે સરકારી વકીલ રાજેશ કે. વશીયરએ અદાલતને રજુઆત કરી હતી કે, ગંભીર પ્રકારનો ગુનો છે. તેમજ આરોપી દ્વારા મૃતકને છરીના ઘા મારીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યાનો આરોપ છે. ઓળખ પરેડમાં પણ સાહેદ દ્વારા આરોપીને ઓળખી બતાવવામાં આવ્યો છે.

આમ આ ગુનામાં તેની સીધી સંડોવણી જણાય આવતી હોવાથી તેની જામીન અરજી રદ કરવામાં આવે. બંને પક્ષોની દલીલો પુર્ણ થયા બાદ અદાલતે હત્યાના કેસના આરોપીની જામીન અરજી રદ કરી હત.

# ખંભાળીયા ABVPના નગર મંત્રી તરીકે પાર્થરાજસિંહ જાડેજાની વરણી



**સમય સંદેશઃ ખંભાળિયા**

વિદ્યાર્થી હિત અને રાષ્ટ્ર હિત માટે ૦૯ જુલાઈ,૧૯૪૯ થી સતત કાર્યરત વિશ્વનું સૌથી મોટું છાત્ર સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એ.બી.વી.પી.) ના ૭૮ માં સ્થાપના દિવસ નિમિત્તે ખંભાળિયામાં આવેલા યોગ કેન્દ્ર ખાતે ખંભાળિયાની નગર કારોબારીની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં નગરમંત્રી તરીકે પાર્થરાજસિંહ જાડેજાને જવાબદારી સોંપવામાં આવી હતી.

# ચેક પરતના કેસમાં વેપારીને એક વર્ષની સજા

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામના રહીશ ખેડૂત મનસુખભાઈ ઘડિયાએ કપાસનું વેંચાણ રમેશભાઈ પોપટભાઈ વાડોદરિયા નામના વેપારીને રૂ.૧,૦૦૦ ના મણ લેખે ૩૦૦૦ મણ કપાસનું વેંચાણ કરેલ જેના બદલામાં વેપારીએ મનસુખભાઈ ઘાડીયાને પોતાના બેંક ખાતાનો રૂ.૩૦,૦૦,૦૦૦ ચેક આપેલ આ ચેક રીટર્ન થતા મનસુખભાઈ ઘાડીયાએ કાલાવડ કોર્ટમાં નેગો.૧૩૮ મુજબની ફરિયાદ કરેલ જે ફરિયાદ ચાલી જતા આરોપી રમેશભાઈ વાડોદરીયાને એક વર્ષની સજા તથા રૂ.૪૫,૦૦,૦૦૦ નો દંડ કરેલ. જેની સામે રમેશભાઈ વાડોદરિયાએ સેસન્સ કોર્ટ જામનગરમાં અપીલ કરેલ આ અપીલ સેસન્સ કોર્ટ જામનગરમાં ચાલી જતા કાલાવડ કોર્ટનો હુકમ યથાવત રાખતો હુકમ કરવામાં કરવામાં આવેલ છે. આ કેસમાં મુળ ફરિયાદી મનસુખભાઈ ઘાડીયા તરફે વકીલ ડી.આર.પંડયા તથા ગિરિરાજસિંહ કે. જાડેજા એડવોકેટ રોકાયા હતા.

# જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકની ૬૭મી વાર્ષિક સામાન્ય સભાઃ ખેડૂતોને ડિવિડન્ડ અને બોનસની ભેટ સાથે ઝડઈ સેવાની જાહેરાત








**સમય સંદેશઃ જામનગર**

જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકની ૬૭મી વાર્ષિક સાધારણ સભા રણજીતનગર પાસે આવેલા લેવા પટેલ સેવા સમાજ ખાતે યોજાઈ હતી. આ સભામાં બેંકે UPI અને Google Pay જેવી ડિજિટલ પેમેન્ટ સેવાઓનો શુભારંભ કર્યો હતો. આ બેંક જામનગર, દેવભૂમિ દ્વારકા અને મોરબી સહિતના જિલ્લાઓમાં આશરે ૪૨ હજાર સભાસદો ધરાવે છે. તે મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ધિરાણ પૂરું પાડે છે.

આ જાહેરાત સાથે, સહકારી ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારોને આવરી લેતી આ એકમાત્ર બેંક બની છે જે UPI આધારિત સેવાઓ પૂરી પાડશે. આ ડિજિટલ સુવિધા સભાસદો માટે વ્યવહારોને વધુ સરળ બનાવશે. આ સાધારણ સભામાં રાજ્યસભાના સાંસદ જીતેન્દ્ર કણજારીયા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યો દિવ્યેશ અક્બરી, રાઘવજી પટેલ, મૂળુભાઈ બેરા, હેમંત ખવા, ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જીતુભાઈ લાલ અને બેંકની સમગ્ર ટીમ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

# જય દ્વારકાધીશ મંડળ દ્વારા રામધૂનનું આયોજનઃ ગૌમાતા અને પદયાત્રી સંઘોની સેવાના લાભાર્થે યોજાયો








**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગતરાત્રે જય દ્વારકાધીશ મંડળ દ્વારા રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગૌમાતા અને પદયાત્રી સંઘોની સેવાના લાભાર્થે પટેલ કોલોની નં.૧૦ના રોડ નં.૩/૪ પાસે આવેલા ક્રિષ્ના કુટીર ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય પાતાળિયા હનુમાન મંદિરની શ્રી હરિ સીતારામ રામધૂન મંડળીના સભ્યોએ રામધૂન અને હનુમાન ચાલીસાના પાઠ ગાયા હતા. આ કાર્યક્રમમાં આજુબાજુના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમનું સફળ સંચાલન જય દ્વારકાધીશ મંડળના હર્ષભાઈ મહેતા અને તેમની ટીમે કર્યું હતું.

જય દ્વારકાધીશ મંડળ છેલ્લા બે-ત્રણ વર્ષથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. મંડળે આગામી દિવસોમાં વધુ સેવાકીય કાર્યો કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો.

# જામનગર નજીક વીજ કંપનીના કન્ટેનરમાં આગઃ ફાયર બ્રિગેડે સમયસર આગ પર કાબૂ મેળવ્યો, સામગ્રી બળીને ખાખ






**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાંબુડા પાટિયા નજીક જ્યોતિ સ્ટ્રક્ચર્સ લિમિટેડ કંપનીના સ્ટોરેજ કન્ટેનરમાં આગ લાગી હતી. આ કંપની વીજ લાઇનના કામ સાથે સંકળાયેલી છે.

કન્ટેનરમાં વીજ પોલ ઊભા કરવા માટેની સામગ્રી સંગ્રહિત હતી. કોઈ અજાણ્યા કારણોસર તેમાં આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાનું ફાયર બ્રિગેડ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યું હતું. ફાયર બ્રિગેડે એક ફાયર ટેન્ડરની મદદથી આગ પર પાણીનો મારો ચલાવી તેને કાબૂમાં લીધી હતી. જોકે, આગ સંપૂર્ણપણે બુઝાય તે પહેલાં કન્ટેનરમાં રાખેલી કેટલીક સામગ્રી બળીને નુકસાન થયું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ અને નુકસાનની વિગત હજુ સ્પષ્ટ થઈ નથી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજા થઈ હોવાના અહેવાલ નથી. સંબંધિત તંત્ર દ્વારા આગના કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઘર પાસે રમતી બાળા પર શ્વાન તૂટી પડયોઃભાણવડના ખરાવડમાં રખડતા શ્વાનનો માસુમ બાળા પર હુમલો



**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડના ખરાવડ વિસ્તારમાં પરપ્રાંતિય મજૂર પરિવારની એક વર્ષની બાળકી ઘર નજીક રમી રહી હતી. તે દરમિયાન અચાનક રખડતા શ્વાને તેના પર હુમલો કરી આડેધડ બચકાં ભર્યા હતા. આ હુમલામાં બાળકી ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં પરિવારજનો તાત્કાલિક તેને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. તબીબોએ બાળકીને પ્રાથમિક

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ગુજરાત પ્રભારીની હાજરીમાં 'આપ' ની બેઠક સંપન્ન




**સમય સંદેશઃ જામનગર**

આમ આદમી પાર્ટી દ્વારા કૃષ્ણનગર પાસે આવેલ વછરાજ વાડીમાં સંગઠન મીટીંગ યોજાઇ હતી. જેમાં આમઆદમી પાર્ટી ગુજરાત પ્રભારી ગૌરવ શર્મા તેમજ જામનગર શહેર અને જિલ્લાના પ્રમુખ તેમજ હોદ્દેદારો જોડાયા હતા. આ સાથે આગામી વિધાનસભાની ચૂંટણી માટે નવા સંગઠનની ચર્ચા વિચારણા કરી તેમજ કાર્યકર્તાઓ પાસે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

# પોલીસે પોક્સો-અપહરણ કેસનો ભેદ ઉકેલ્યો ગણતરીના કલાકોમાં બે આરોપીઓને ઝડપી પાડ્યા




કલ્યાણપુર પોલીસે અપહરણ અને પોક્સો કેસમાં ઝડપી કાર્યવાહી કરી છે. ગણતરીના કલાકોમાં મુખ્ય આરોપી તેમજ તેને મદદ કરનાર અન્ય એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢી હતી. સગીરાની તબીબી તપાસ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કામગીરીમાં પોલીસે સતર્કતા અને ત્વરિત કાર્યવાહીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ગોરાણા ગામેથી મોડી રાત્રિના જુગાર રમતા ચાર ઝડપાયા

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુરના ગોરાણા ગામે આવેલા એક મંદિરના ઓટલા પાસે બેસીને મોડી રાત્રિના સમયે સ્ટ્રીટ લાઇટના અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા રમેશ રાઠોડ, રામ ગોરાણીયા, રવિ ગામી અને રમેશ રૂડાચ નામના ચાર શખ્સોને પોલીસે ઝડપી લઇ, કુલ રૂપિયા ૧૦,૩૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



# હજુ ૯૫ ટકા બ્રહ્માંડના રહસ્યો ઉકેલવામાં મનુષ્યએ ઉકેલવાના બાકી

**સમય સંદેશ સ્પેશિયલ**

વિશ્વનું સૌથી મહાકાય અને પ્રચંડ પાર્ટિકલ એક્સિલરેટર, લાર્જ હેડ્રોન કોલાઇડર (એલએચસી), ૨૮ જૂન ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે બંધ કરવામાં આવ્યું છે. પોતાનો અંતિમ ઐતિહાસિક પ્રયોગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ, જિનીવાસ્થિત સર્ન પ્રયોગશાળાએ આ અજોડ મશીનને આગામી ૪ વર્ષના એક લાંબા અને જટિલ શટડાઉન માં મૂકી દીધું છે. પરંતુ વિજ્ઞાન જગત માટે આ કોઈ કાયમી વિદાય નથી, બલ્કે એક નવી ક્રાંતિની શરૂઆત છે. વિજ્ઞાનીઓના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૩૦માં આ એલએચસી પોતાના અત્યાર સુધીના સૌથી શક્તિશાળી, આધુનિક અને રૌદ્ર સ્વરૂપમાં પુનઃ પ્રગટ થશે. જેને 'હાઈ-લ્યુમિનોસિટી લાર્જ હેડ્રોન કોલાઇડર'નું નામ આપવામાં આવ્યું છે.





વર્ષ ૨૦૧૨માં 'ગોડ પાર્ટિકલ' એટલે કે હિગ્સ બોસોન કણની ઐતિહાસિક શોધ કરીને, સમગ્ર વિશ્વમાં સનાતન ખ્યાતિ મેળવનાર આ કોલાઇડરે, બે દાયકામાં બ્રહ્માંડ વિશેની આપણી સમજણને મૂળમાંથી જ બદલી નાખી છે. પરંતુ સવાલ એ થાય કે, માનવ ઇતિહાસના આ સૌથી અસાધારણ અને અકલ્પનીય મશીનની અસલી વૈજ્ઞાનિક સફર ક્યાંથી શરૂ થઈ હતી? તેની આ ભવ્ય ગાથા પાછળ કેવો રોમાંચક ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વારસો છુપાયેલો છે?

યુરોપના ૧૨ દેશોએ સાથે મળીને જ્યારે એક અનોખી પ્રયોગશાળા સ્થાપવાનું સપનું જોયું, ત્યારે વર્ષ ૧૯૫૪માં સર્નની સ્થાપના થઈ. તેમનો મુખ્ય મકસદ હતો, એક એવું સ્થળ જ્યાં વિશ્વના પ્રખર વિજ્ઞાનીઓ એકઠા થઈને, આ બ્રહ્માંડના વણઉકેલાયેલા મૂળભૂત નિયમોની ગૂઢ શોધ કરી શકે. સ્વિટ્ઝર્લેન્ડ અને ફ્રાન્સની સરહદ પર, જિનીવા નજીક આવેલી આ સંસ્થાએ પોતાની અદભુત સફરમાં, વિશાળ પાર્ટિકલ ફિઝિક્સ પ્રયોગશાળા તરીકે ગૌરવવંતું સ્થાન મેળવી લીધું છે.

સમય જતાં વિજ્ઞાનીઓને એક એવા અસાધારણ મશીનની તીવ્ર મનીષા જાગી, જે પદાર્થના અતિ સૂક્ષ્મ કણોને પ્રકાશની પ્રચંડ ઝડપ સુધી પહોંચાડીને એકબીજા સાથે અથડાવી શકે. બસ, આ જ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથે વર્ષ, ૧૯૯૮માં આ ભગીરથ પ્રોજેક્ટનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. હજારો હોંશિયાર એન્જિનિયરો અને વિજ્ઞાનીઓના સહિયારા પરસેવા પછી, આખરે સપ્ટેમ્બર ૨૦૦૮માં, આ મશીન પ્રથમવાર સફળતાપૂર્વક કાર્યરત થયું. જોકે શરૂઆતના તબક્કામાં અણધારી તકનીકી ખામીઓના કારણે થોડો મોટો વિલંબ જરૂર થયો. પરંતુ વર્ષ ૨૦૦૯માં પ્રથમ પ્રોટોન અથડામણો અત્યંત આરામદાયક સ્થિતિમાં પાર પાડવામાં આવી.

આ પ્રક્રિયાને સમજવા માટે જો એક સુંદર ઉદાહરણ લઈએ, તો જેમ કોઈ રમતિયાળ બાળકની ટ્રેન ગોળાકાર પાટા પર સતત ચક્કર લગાવતી રહે, બરાબર તેમ જ આ જટિલ મશીનની અંદર પ્રોટોનના 'ટોળાઓ' અંધારી ટનલમાં ગોળ-ગોળ ઘૂમે છે. આશરે ૨૭ કિલોમીટર લાંબી ટનલમાં આ કણો ત્યાં સુધી અવિરત દોડતા રહે છે. જ્યાં સુધી તેમની અંતિમ ઝડપ પ્રકાશની ગતિની સાવ નજીક ન પહોંચી જાય. ત્યારબાદ, આ કણોને ચોક્કસ નિર્ધારિત બિંદુઓ પર પરસ્પર પ્રચંડ વેગ સાથે અથડાવવામાં આવે છે. આ ભયાનક અથડામણના ક્ષણાર્ધમાં જન્મેલા નવા કણોનું વિશ્લેષણ કરવાનું મુશ્કેલ કાર્ય, ત્યાં ગોઠવેલા સંવેદનશીલ ડિટેક્ટર્સ દ્વારા કરવામાં આવે છે. અહીં સવાલ એ થાય કે 'આ યાદગાર વૈજ્ઞાનિક સફળતાઓ અને ભવિષ્યના દ્રષ્ટિકોણ પાછળ વાસ્તવમાં કયા ખેરખાં વિજ્ઞાનીઓનું યોગદાન છે?

હાલના વર્તમાન એલએચસીમાં જ્યારે પ્રોટોનનું આખુંય એક 'ટોળું' પસાર થાય છે, ત્યારે સરેરાશ માત્ર ૬૦ જેટલી જ અથડામણો સર્જાય છે, પરંતુ આ આગામી હાઇ-લુમિ એલએચસીમાં આ જાદુઈ આંકડો સીધો ૧૪૦ થી લઈને ૨૦૦ સુધી આરામદાયક સ્થિતિમાં પહોંચી જશે. આ ભગીરથ લક્ષ્ય કંઈ હવામાં આકાર લઈ શકે નહીં! આ માટે હોંશિયાર એન્જિનિયરોએ કોલાઇડરની અંદર ગોઠવેલા મહાકાય ચુંબકોની ઓરીજીનલ ડિઝાઇનમાં ખૂબ મોટા પાયે ફેરફારો કરવા પડશે. જમીનની નીચે અંધારી ટનલની અંદર જ આશરે ૧.૨૦ કિલોમીટર જેટલા લાંબા શક્તિશાળી ચુંબકોને ઉખેડીને સંપૂર્ણપણે બદલવા પડશે. સાથે સાથે વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પણ કાળજીપૂર્વક અપગ્રેડેશન કરવું અનિવાર્ય બનશે. જોકે, આ સિક્કાની એક બીજી વરવી બાજુ પણ છે.

આટલી પ્રચંડ માત્રામાં થનારી અથડામણોનો સીધો અર્થ એ થાય કે પ્રયોગશાળામાં દર સેકન્ડે પાંચ અબજથી પણ વધુ ભયાનક અણુ વિસ્ફોટા સર્જાશે. આ ઘટનાઓમાંથી એટલો બધો અકલ્પનીય ડેટા પેદા થશે કે તેને કમ્પ્યુટરમાં સંપૂર્ણપણે ડિજિટલ સ્વરૂપે સંગ્રહ કરવો! એ ભૌતિક દ્રષ્ટિએ લોઢાના ચણા ચાવવા જેવી બાબત બની જશે. બસ, આ જ વિકટ સમસ્યાના તબીબી ઉકેલ માટે વિજ્ઞાનીઓએ ડિટેક્ટર્સની અંદર આધુનિક એવી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ્સનો ઉમેરો કરવાનું આયોજન કર્યું છે. આ સ્વાયત્ત સિસ્ટમ આપોઆપ પલકવારમાં નક્કી કરી લેશે? કે કઈ રોમાંચક ઘટનાઓ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આશીર્વાદરૂપ કે મહત્વની છે? કઈ નકામી ઘટનાઓને કચરા ટોપલીના હવાલે કરી શકાય તેમ છે? આ પ્રચંડ હાઇ-લુમિ એલએચસી પોતાના કાર્યકાળમાં આશરે ૩૮૦ મિલિયન જેટલા હિગ્સ બોસોન કણો સફળતાપૂર્વક ઉત્પન્ન કરી શકશે. જેની સામે વિતેલા તમામ ઓપરેશનલ રનમાં માત્ર ૫૫ મિલિયન જેટલા જ કણો માંડ નસીબ થયા છે. આટલો અભૂતપૂર્વ ડેટાસેટ વિશ્વભરના વિજ્ઞાનીઓને કુદરતમાં બનતી દુર્લભ ઘટનાઓનો બારીકાઈથી તુલનાત્મક અભ્યાસ કરવાની અને ભૌતિકશાસ્ત્રના પરંપરાગત સ્ટાન્ડર્ડ મૉડેલની બહારની અજ્ઞાત દુનિયાના નવા વૈજ્ઞાનિક સંકેતો શોધવાની એક અદ્ભુત તક પૂરી પાડશે.

આ પ્રોજેક્ટની પાછળ અનેક વૈજ્ઞાનિકોની અથાક મહેનત, દીર્ઘદ્રષ્ટિ રહેલી છે. સૌથી મોખરાનું નામ બ્રિટિશ ભૌતિકશાસ્ત્રી પીટર હિગ્સનું છે. તેમણે વર્ષ ૧૯૬૪માં જ રહસ્યમય કણની આગાહી કરી હતી. જે, બ્રહ્માંડના અન્ય કણોને દળ (માસ) પ્રદાન કરે છે. તેમના આ અમૂલ્ય પ્રદાન બદલ જ આ કણનું નામ 'હિગ્સ બોસોન' રાખવામાં આવ્યું. ૪૮ વર્ષ સુધી આ કણ કાગળ પર સિદ્ધાંત બનીને રહ્યો, પણ આખરે વર્ષ ૨૦૧૨માં લાર્જ હેડ્રોન કોલાઇડર ખાતે પ્રયોગ દરમિયાન તેના વાસ્તવિક અસ્તિત્વની પુષ્ટિ થઈ. આ ઐતિહાસિક શોધ માટે, પીટર હિગ્સને વર્ષ ૨૦૧૩માં નોબેલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. વર્તમાન સમયમાં ચાલી રહેલા હાઈ-લ્યુમિનોસિટી અપગ્રેડ પ્રોજેક્ટના કેન્દ્રબિંદુ સમાન મુખ્ય સૂત્રધાર ઓલિવર બ્રુનિંગ છે, જેઓ સર્ન ખાતે ડિરેક્ટર ફોર એક્સિલરેટર્સ એન્ડ ટેકનોલોજી તરીકે કાર્યરત છે. તેમના જ કુશળ નેતૃત્વ હેઠળ, હાઈ-લ્યુમિ એલએચસી તરફની આ રોમાંચક મહાયાત્રા વાસ્તવિક આકાર લઈ રહી છે. તેમણે જણાવ્યું કે, પ્રચંડ મશીનરી ધરાવતા, આ એલએચસીએ વિતેલા લગભગ બે દાયકામાં વૈજ્ઞાનિક જગતની દરેક અપેક્ષાઓ વટાવી દીધી છે. હવે તેનાથી પણ વધુ શક્તિશાળી ઉત્તરાધિકારીને આવકારવાનો ખરો સમય પાકી ગયો છે.

આ પ્રચંડ અને જટિલ ટેકનિકલ પડકારને ગ્રાઉન્ડ લેવલ પર સફળતાપૂર્વક સંભાળવાની લોજિસ્ટિકલ જવાબદારી જીન-ફિલિપ ટોક પર છે. જેઓ એલએસ૩ કોઓર્ડિનેશન ટીમના વડા તરીકે સેવા આપી રહ્યા છે. આ વિજ્ઞાન જગતમાં નવી પેઢીના યુવા વિજ્ઞાનીઓનું અદભુત પ્રતિનિધિત્વ, ડો. નેદા-એલેક્ઝાન્ડ્રા અસ્બાહ કરે છે. જેઓ સર્નના એટલાસ પ્રયોગ સાથે અગ્રણી સંશોધન ભૌતિકશાસ્ત્રી તરીકે જોડાયેલા છે. તેમનું એક આગવું વૈજ્ઞાનિક સ્વપન છે. પ્રયોગશાળામાં તીવ્ર ઉર્જાની મદદથી, એકસાથે બે હિગ્સ બોસોન કણો ઉત્પન્ન કરીને તેમની અંદરોઅંદરની પરસ્પર ક્રિયાપ્રતિક્રિયાને જીવંત નિહાળવી. આ એક એવી મહાન વૈજ્ઞાનિક સિદ્ધિ હશે, જે આપણું આખુંય બ્રહ્માંડ કરોડો વર્ષો પહેલાં બિગ બેંગ પછી તરત જ કેવી રીતે વિકસ્યું અને વિસ્તર્યું તેના સંકેતો આપી શકે છે.

અત્યારે વિજ્ઞાન જગત સામે સૌથી મોટો યક્ષ પ્રશ્ન એ છે કે : આપણું આ બ્રહ્માંડ ખરેખર શેનું બનેલું છે? આપણે આપણી નગ્ન આંખો કે ટેલિસ્કોપ વડે જે કંઈ જોઈ શકીએ છીએ, જેમ કે ઝળહળતા તારા, અવકાશી ધૂળના વાદળો, ગ્રહો અને આપણું પોતાનું માનવ શરીર. તે બ્રહ્માંડના કુલ દળનો માત્ર ૫ ટકા જેટલો નજીવો હિસ્સો ધરાવે છે! તો પછી બાકીનું ૯૫ ટકા શું છે? આ આશ્ચર્યજનક બાકીના હિસ્સામાં ૨૭ ટકા 'ડાર્ક મેટર' અને અધધધ કહી શકાય તેવી ૬૮ ટકા 'ડાર્ક એનર્જી' રહેલી છે. આ બંને ઘટકો સંપૂર્ણપણે અદ્રશ્ય, માયાવી અને આજદિન સુધી વિજ્ઞાન માટે સાવ રહસ્યમય રહ્યા છે. વિજ્ઞાનીઓને પાકી આશા છે કે 'હાઇ-લુમિ એલએચસીમાંથી મળનારા અઢળક ડેટા અને અદભુત ચોકસાઈની મદદથી, આ અદ્રશ્ય અને રહસ્યમય ઘટકોના

અનુ પાના નં.૨ પર

# રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં જામનગરમાં ગર્ભ સંસ્કાર-ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો

**ગર્ભાવસ્થા દરમિયાન સકારાત્મક વિચાર, સારા સંસ્કાર અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી એ રાષ્ટ્ર નિર્માણનું મહત્વપૂર્ણ સાધનઃ ભારતીય ઋષિ-મુનિઓએ ગર્ભ સંસ્કારને રાષ્ટ્ર નિર્માણનો પાયો ગણાવ્યો છે-રાજ્યપાલશ્રી**

**રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે આધુનિક પ્રગતિની સાથે મૂલ્ય આધારિત શિક્ષણ અને સંસ્કારોનું સંવર્ધન અનિવાર્ય સંસ્કારી અને સ્વસ્થ પેઢીના ઘડતરમાં માતાની ભૂમિકા સર્વોપરી-રાજ્યકક્ષાના મંત્રીશ્રી રીવાબા જાડેજા**














તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમાપૂર્ણ અધ્યક્ષતામાં 'ગર્ભ સંસ્કાર - ગર્ભવિજ્ઞાન પ્રશિક્ષણ દીક્ષાંત સમારોહ' અને રાષ્ટ્રીય સંગોષ્ઠિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ પૂર્ણ કરનાર આયુર્વેદના ડોક્ટર્સને રાજ્યપાલશ્રીના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે જ ગર્ભાવસ્થા દરમિયાન માતા અને શિશુના ઉત્તમ સ્વાસ્થ્યની કાળજી લેવાના ભાગરૂપે કાર્યક્રમમાં વિશેષ 'વેદ સૂતિકા કીટ' અને 'પ્રસૂતા કીટ'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

દીક્ષાંત પ્રવચન આપતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતની વૈદિક જ્ઞાન પરંપરા, ઋષિ-મુનિઓનું સંશોધન અને પ્રાચીન ગ્રંથો માનવજાતના સર્વાંગી વિકાસ માટેનો અમૂલ્ય વારસો છે. જો આધુનિક વિજ્ઞાન અને આપણી પ્રાચીન ભારતીય પરંપરાનો સમન્વય કરીને સંશોધન કરવામાં આવે, તો સમગ્ર વિશ્વને કલ્યાણનો નવો માર્ગ મળી શકે છે. તેમણે ઉમેર્યું કે માત્ર ભૌતિકવાદી પ્રગતિ પૂરતી નથી, પરંતુ રાષ્ટ્રના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આધુનિક શિક્ષણની સાથે મૂલ્યઆધારિત સંસ્કારોનું સંવર્ધન પણ એટલું જ અનિવાર્ય છે. ઋષિ-મુનિઓ દ્વારા પ્રસ્થાપિત ૧૬ સંસ્કારોનું મહત્વ સમજાવતાં રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગર્ભસંસ્કાર એ માત્ર સંતાનના જન્મ માટે નથી, પરંતુ તે રાષ્ટ્ર નિર્માણનો મજબૂત પાયો છે. એક સંસ્કારી અને ચારિત્ર્યવાન સંતાનના ઘડતર માટે ગર્ભાધાનના સમયથી જ યોગ્ય વિચારો અને સકારાત્મક જીવનશૈલી જરૂરી છે. માતા માત્ર એક પરિવારનું સંચાલન નથી કરતી, પરંતુ દેશ માટે એક સશક્ત અને જવાબદાર પેઢીનું

અનુ પાના નં.૨ પર

# આચાર્ય દેવવ્રતજીએ જામનગરના લાખાબાવળ ખાતે વેદ ગર્ભવિહારનું લોકાર્પણ કર્યું









તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જામનગર નજીક લાખાબાવળ ગામે વેદ ગર્ભવિહારનુ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ સંસ્થા ખાતે કાર્યરત થનારા ગૌશાળા તેમજ કન્સલ્ટેશન રૂમ, પંચકર્મ રૂમ, માઇનર ઓપરેશન થિયેટર, સંસ્કાર શાળા વગેરે સ્થળોની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓ અને સેવાઓની વિગતો મેળવી હતી. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમ્યાન સંસ્થાનો પરિચય મેળવ્યો હતો, અને સંચાલકો સાથે સંવાદ કરીને પ્રવર્તમાન સમયમાં સંસ્થાની ભૂમિકા વિશે અવગત થયા હતા. હાલના સંજોગોમાં સંસ્થાના સામાજિક ઉત્તરદાયિત્વ અંગે તેમણે ઉંડાણપૂર્વકની જાણકારી મેળવી હતી અને વિવિધ સ્તરે તેની ઉપયોગિતાથી વાકેફ થયા હતા. રાજ્યપાલશ્રી સાથે રાજ્ય કક્ષાના

અનુ પાના નં.૨ પર

સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ




તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના

સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com